ભાઈ-બહેનના પવિત્ર પર્વ પર મોંઘવારીનું ગ્રહણ,

ખાંડ, દૂધ અને ઘી ભડકે બળતા મીઠાઈના ભાવમાં ૩૦ થી ૪૦ ટકાનો તોતિંગ વધારો

આંતરરાષ્ટ્રીય અશાંતિ અને ડ્રાયફ્રૂટ્સના ઊંચા ભાવે તહેવારની મીઠાશ ફીકી કરી

(પ્રતિનિધી) વડોદરા, તા.24

ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને પવિત્ર સંબંધોના પ્રતીક સમાન રક્ષાબંધનનો તહેવાર હવે નજીક આવી રહ્યો છે, ત્યારે આ વર્ષે આ પાવન પર્વ પર મોંઘવારીનું ભારે ગ્રહણ લાગ્યું હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ખાંડ, દૂધ, ઘી અને માવા જેવા પાયાના ખાદ્ય ઘટકોના ભાવમાં અસહ્ય વધારો થયો છે, જેની સીધી અને નકારાત્મક અસર તહેવારોની મીઠાઈઓ પર પડી રહી છે. પરંપરાગત રીતે રક્ષાબંધનના તહેવાર પર મલાઈ પેંડા, માવા

આધારિત મીઠાઈઓ, કાજુ કતરી અને ડ્રાયફ્રૂટ્સની બનાવટોની માંગ સૌથી વધુ રહેતી હોય છે. પરંતુ આ વર્ષે કાચી સામગ્રી મોંઘી થવાને કારણે મીઠાઈના ભાવમાં અંદાજે ત્રીસથી ચાલીસ ટકા સુધીનો વધારો નોંધાયો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના ગ્રાહકોનું બજેટ સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, મીઠાઈ બનાવવા માટે વપરાતી મુખ્ય સામગ્રીના ભાવમાં ધરખમ ઉછાળો આવ્યો છે. અગાઉ જે ખાંડ બજારમાં ચાલીસથી બેતાલીસ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતી હતી, તેના ભાવ વધીને આજે સિત્તેર રૂપિયા પ્રતિ કિલો વટાવી ગયા છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવર્તતી પરિસ્થિતિઓ અને ખાસ કરીને ખાડી દેશોમાં ચાલી રહેલા સંઘર્ષો તથા યુદ્ધને કારણે આયાત-જ્યાતના માર્ગો પ્રભાવિત થયા છે.

પરિણામે, ડ્રાયફ્રૂટ્સના ભાવ ખૂબ જ ઊંચા આવ્યા છે, જેના લીધે કાજુ અને ડ્રાયફ્રૂટ આધારિત મીઠાઈઓ પણ મોંઘી બની છે. સાથેસાથે ડેરી ઉત્પાદનો તેમજ દૂધ અને માવાના ભાવમાં પણ સતત વધારો થવાથી એકંદરે મીઠાઈના ઉત્પાદન ખર્ચમાં મોટો ઉછાળો આવ્યો છે અને જ્યાં સુધી કાચી સામગ્રીના ભાવ નિયંત્રણમાં નહીં આવે, ત્યાં સુધી આ વધેલા ભાવ યથાવત રહે તેવી પૂરી સંભાવના છે.

મોંઘવારીના આ માહોલ વચ્ચે ગ્રાહકોની ખરીદશક્તિ ઘટી છે અને વેપારીઓનું કહેવું છે કે અગાઉ જે ગ્રાહકો તહેવાર નિમિત્તે પાંચસો ગ્રામ મીઠાઈ ખરીદતા હતા, તેઓ હવે માત્ર અઢીસો ગ્રામ મીઠાઈ ખરીદીને જ સંતોષ માની રહ્યા છે, એટલે કે મીઠાઈની માત્રામાં સીધો ઘટાડો જોવા મળી રહ્યો છે. તહેવારોની સીઝન સામાન્ય રીતે મીઠાઈના વેપારીઓ માટે વર્ષભરની સારી કમાણીનું સાધન બનતી હોય છે, પરંતુ આ વખતે ભાવવધારાને કારણે ગ્રાહકો ઓછી ખરીદી કરશે તેવી ચિંતા વેપારીઓને સતાવી રહી છે.

બાંદ્રા-ગોરખપુર સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત, અમૃત ભારત સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે દોડશે

(પ્રતિનિધિ)વડોદરા,તા.24

મુસાફરોની સુવિધા અને બાંદ્રા ટર્મિનસ તથા ગોરખપુર વચ્ચે નિયમિત રેલ સંપર્ક પૂરો પાડવા માટે પશ્ચિમ રેલવે દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ દોડી રહેલી ટ્રેન નં. 05054/05053 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર સ્પેશિયલને હવે નિયમિત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જણાવ્યા મુજબ મુજબ, આ ટ્રેન હવે નવા નંબર 15086/15085 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર અમૃત ભારત સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે દોડશે. ટ્રેન નં. 15086 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર સાપ્તાહિક એક્સપ્રેસ દર શનિવારે બાંદ્રા ટર્મિનસથી રાત્રે 21:45 કલાકે ઉપડશે અને સોમવારે સવારે 06:45 કલાકે ગોરખપુર પહોંચશે. આ નિયમિત સેવા 29 ઓગસ્ટ, 2026 થી શરૂ થશે. આ જ રીતે, ટ્રેન નં. 15085 ગોરખપુર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ દર શુક્રવારે ગોરખપુરથી સવારે 07:50 કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે 17:45 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

બાપોદ પોલીસે બનાવની ઉંડી તપાસ હાથ ધરી છે

પોક્સો કેસમાં પીડિતાનું નામ જાહેર કરવા બદલ વકીલ હિતેશ ગુપ્તા સામે ફરિયાદ

સોશિયલ મીડિયા અને વિવિધ મીડિયા ચેનલોમાં પીડિતાની ઓળખ જાહેર કરી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધી) વડોદરા, તા.24

વડોદરામાં પોક્સો અને બળાત્કારના કેસની પીડિતાની ઓળખ જાહેર કરવાનો ગંભીર આક્ષેપ કરતી ફરિયાદ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવવા માટે એક 27 વર્ષીય મહિલાએ રજૂઆત કરી છે. હિતેશ લલીત ગુપ્તા નામના વકીલ સામે પીડિતાનું નામ તેમજ તેની સગીર પુત્રીની ઓળખ જાહેર થાય તે રીતે સોશિયલ મીડિયા અને વિવિધ મીડિયા ચેનલોમાં નિવેદનો આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં મહિલાના

જણાવ્યા પ્રમાણે સંબંધિત કેસમાં તેની તથા તેની નાની સગીર પુત્રીની જુબાની સહિતની કોર્ટ કાર્યવાહી ચાલી રહી છે. આ દરમિયાન આરોપી વકીલે પોતાના ફેસબુક લાઇવ, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ તેમજ વિવિધ ન્યૂઝ ચેનલોના ઈન્ટરવ્યુમાં કેસ અંગે નિવેદનો આપ્યા હતા.

જેમા એવો આક્ષેપ છે કે આ નિવેદનો દરમિયાન પીડિતાનું નામ બોલવામાં આવ્યું હતું અને એવી વિગતો જાહેર કરવામાં આવી હતી. જેના કારણે પીડિતા તથા તેની સગીર પુત્રીની ઓળખ સ્પષ્ટ થાય છે. મહિલાએ પોતાના આક્ષેપના સમર્થનમાં વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ અને મીડિયા ચેનલોના વીડિયોનો ઉલ્લેખ પણ કર્યો છે. સંબંધિત પોક્સો કેસની કોર્ટ કાર્યવાહી અને દલીલો અંગેની વિગતો પણ જાહેરમાં રજૂ કરવામાં આવી હતી. સમગ્ર મામલે પીડિતાએ વીડિયો અને સોશિયલ મીડિયા પોસ્ટની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા બાપોદ પોલીસ સમક્ષ કાર્યવાહી કરવા માંગણી કરાઈ છે.

હવે પોલીસ દ્વારા ફરિયાદમાં કરાયેલા આક્ષેપો અંગે તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓને સહેજ પણ નકારી શકાય તેવી સ્થિતિ પરિસ્થિત હાલ જણાઇ રહી નથી.

શ્રાવણ માસમાં વડોદરાના શ્રવણ સેવા ફાઉન્ડેશનનો અનોખો ઇતિહાસ

૨ ટન ફળો અને શાકભાજીથી બનાવી ભવ્ય 'ૐ' મહારંગોળી

(પ્રતિનિધી) વડોદરા, તા.20

હાલ દેવાધીદેવ મહાદેવની આરાધનાના પર્વ સમાન પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. આ પર્વને ગૌ માતા અને નંદીજી મહારાજની સેવા સાથે જોડીને વડોદરાના શ્રવણ સેવા ફાઉન્ડેશન દ્વારા એક પ્રેરણાદાયી અને અભિનવ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. શિવજીની આરાધના માટે વિશેષ મહત્વ ધરાવતા સોમવારના દિવસે સંસ્થા દ્વારા ૨ ટન (૨ હજાર કિલો) જેટલા વિવિધ પ્રકારના તાજા ફળો, શાકભાજી અને રોટલીઓનો ઉપયોગ કરીને વિશાળ 'ૐ' આકારની મહારંગોળી તૈયાર કરવામાં આવી હતી. આ અનોખી રંગોળીનું નિર્માણ પૂરું થયા બાદ, આ તમામ

પૌષ્ટિક ભોજન સામગ્રીને કરજણ મીયાગામ સ્થિત પાંજરાપોળ ખાતે ગૌ માતાઓ અને નંદીજી મહારાજને પ્રેમપૂર્વક જમાડવામાં આવી હતી. આ ભવ્ય આયોજન વિશે વિગતો આપતા શ્રવણ સેવા ફાઉન્ડેશનના ફાઉન્ડર નિરવ ઠક્કર જણાવે છે કે, તેમની સંસ્થા છેલ્લા ૬ વર્ષથી સતત માનવ સેવા અને ગૌ સેવાના કાર્યો સાથે જોડાયેલી છે.

MSUના વિદ્યાર્થીઓએ હેન્ડલૂમ હેકાથોનમાં જીત્યો સિલ્વર મેડલ

(પ્રતિનિધી) વડોદરા, તા.24

ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના ટેક્સટાઇલ કેમિસ્ટ્રી વિભાગની ટીમે હેન્ડલૂમ હેકાથોન 2026માં સિલ્વર મેડલ અને સર્ટિફિકેટ મેળવ્યું છે. હેકાથોનનું આયોજન ભારત સરકારના કાપડ મંત્રાલયના ડેવલપમેન્ટ કમિશનર હેન્ડલૂમ્સ માટે થીંકસ્ટાર્ટઅપ દ્વારા આઈઆઈટી દિલ્હી ખાતે એક ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં દેશભરની ટીમોએ ભાગ લીધો હતો. મસયુની વિજેતા ટીમમાં નિકિતા સોનૈયા, છબિશ્રી મહેર અને શુભમ કુમાર મહેરનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓએ સસ્ટેનેબિલિટી એન્ડ એન્વાયર્નમેન્ટલ ઈમ્પેક્ટ થીમ હેઠળ હેન્ડલૂમના નકામા કાપડમાંથી થર્મલ-ઇન્સ્યુલેટેડ વોટર બોટલ બેગ અને ટિફિન બેગ બનાવી હતી.

૫૦૦ થી વધુ જગ્યા માટે ૨૦ થી વધુ નોકરીદાતાઓ હાજર રહેશે

આજે જિલ્લા કક્ષાનો મેગા રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.24

મોડેલ કરીયર સેન્ટર મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,વડોદરા, યુઈબી વડોદરા ઓફિસ તથા આઈટીઆઈ તરસાલી, વડોદરાના સંયુકત ઉપક્રમે આઈટીઆઈ કેમ્પસ, તરસાલી વડોદરા ખાતે જિલ્લા કક્ષાનો મેગા રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન સવારે ૧૦.૦૦ વાગે કરવામાં આવ્યો છે. જેમા ૧૮ થી ૩૫ વર્ષના ધો.૧૦ પાસ, ૧૨ પાસ, આઇટીઆઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ ભાઈઓ અને બહેનો ભાગ લઈ શકશે. ભરતી મેળામાં પ્રોડક્શન મેઇન્ટેનન્સ, ઇલેક્ટ્રોનિક ટેક્નિશિયન, ટ્રેઈની, ડિઝાઈન ઓપરેટર, ટ્રેઈની એન્જિનિયર, સેલ્સ એક્ઝિક્યુટિવ, એકાઉન્ટન્ટ જેવી ૫૦૦ થી વધુ જગ્યા માટે ૨૦ થી વધુ નોકરીદાતા હાજર રહીને ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે. ભરતી મેળા ઉપરાંત જે ઉમેદવારોને સ્વરોજગાર કરવો હોય તેમને સરકારની સ્વરોજગાર લોન સહાય યોજનાઓ, ઉદ્યોગ સાહસીકતા અંગે તેમજ રોજગારલક્ષી ફ્રી વોકેશનલ તાલીમ કોર્ષ અંગે વિના મુલ્યે માહીતી, માર્ગદર્શન આપવામા આવશે. તેમજ વિદેશ રોજગાર અને શિક્ષણ માટે સેફ લીગલ માઈગ્રેશન અંગે ફ્રી માહીતી મળશે તેમજ ઓનલાઈન રોજગારલક્ષી અનુબંધમ પોર્ટલ અને એન.સી.એસ પોર્ટલ પર નામ નોંધણી કેમ્પ પણ યોજાશે.

શાંતિ ઇન ઓર્ગેનિક્સનો IPO 31 ઓગસ્ટે ખુલશે

વડોદરાઃ સલ્ફર આધારિત ઇનઓર્ગેનિક કેમિકલ્સના ઉત્પાદક અને સપ્લાયર શાંતિ ઇનઓર્ગેનિક્સ લિમિટેડનો IPO 31 ઓગસ્ટે ખુલશે અને 2 સપ્ટેમ્બરે બંધ થશે. કંપની 79-83ના પ્રાઇઝ બેન્ડ પર 56.91 લાખ ઇક્વિટી શેર જારી કરીને અપર બેન્ડ મુજબ 47.23 કરોડ એકત્ર કરશે. શેર NSE Emerge પર લિસ્ટ થશે. લોટ સાઇઝ 1,600 શેરની છે અને ઓછામાં ઓછા 3,200 શેર માટે અરજી કરી શકાશે. એન્કર બિડિંગ 28 ઓગસ્ટે થશે. IPOની રકમનો ઉપયોગ અમદાવાદના બાવળા ખાતે નવી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટેના મૂડી ખર્ચના આંશિક ભંડોળમાં થશે. અહીં સોડિયમ મેટાબિસલ્ફાઇટ, સોડિયમ બિસલ્ફાઇટ અને એમોનિયમ બિસલ્ફાઇટનું ઉત્પાદન કરાશે.

MSU પોલીટેકનિક ખાતે વિશ્વ ઉદ્યમિતા દિવસની ઉજવણી

નિષ્ણાત વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને Job Seeker નહીં, Job Creator બનવા પ્રેરણા

(પ્રતિનિધિ)વડોદરા,તા.24

વિશ્વ ઉદ્યમિતા દિવસ નિમિત્તે પોલીટેકનિક મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે એક્સપર્ટ વ્યાખ્યાન યોજાયું હતું. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગની માર્ગદર્શિકા મુજબ યોજાયેલા આ કાર્યક્રમનો હેતુ વડાપ્રધાનના આત્મનિર્ભર ભારત અભિયાન અંગે વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન અંગે જાગૃતિ લાવવાનો હતો સેમિનારમાં નિષ્ણાત તરીકે રસાયણ એન્જિનિયરિંગ સોલ્યુશન્સના પ્રોપ્રાઇટર કુંજલ વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા. 20 વર્ષનો અનુભવ ધરાવતા અને પોલીટેકનિકના પૂર્વ વિદ્યાર્થી એવા કુંજલ વૈદ્યએ પોતાના અનુભવો શેર કરી વિદ્યાર્થીઓને સ્વરોજગાર અને ઉદ્યમિતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રિન્સિપાલ જિતેન્દ્ર વાઘવાના માર્ગદર્શન હેઠળ એસએસઆઈપી દ્વારા આયોજિત કાર્યક્રમમાં તેમણે વિદ્યાર્થીઓને મોટા સપના જોવા અને નિષ્ફળતામાંથી શીખી નવી તકો ઉભી કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે યુવાનો વિકસિત ભારત @2047ના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના આશરે 200 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વડોદરા પાલિકાના ફૂડ સેફ્ટી વિભાગના સપાટાથી ખળભળાટ

ખાણીપીણીની ચીજોમાં ભેળસેળ, માવો, ગોળ, પનીર અને આઈસ્ક્રીમ સહિત ૧૯ નમુના નાપાસ

૧૮ સેમ્પલ 'સબ-સ્ટેન્ડર્ડ' જ્યારે રાજભોગ આઈસ્ક્રીમનો ૧ નમૂનો 'અનસેફ' જાહેર, તમામ સંચાલકો સામે કાયદેસરની ત્વરિત કાર્યવાહી

(પ્રતિનિધી) વડોદરા, તા.24

જનતાના આરોગ્યની સુખાકારીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને ખાદ્ય ચીજવસ્તુઓમાં થતી ભેળસેળ વિરુદ્ધ અત્યંત કડક અભિગમ અપનાવવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને રેઝિગ્નેટેડ ઓફિસર તથા અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફ્ટી વિભાગની ટીમો દ્વારા શહેરમાં સતત સઘન ચેકિંગ હાથ

ધરવામાં આવી રહ્યું છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અંતર્ગત શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી ખાદ્ય પદાર્થોના શંકાસ્પદ નમુનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા. આ તમામ સેમ્પલ્સને પૃથ્થકરણ અર્થે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા, જેનાં ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, લેબોરેટરી રિપોર્ટમાં કુલ ૧૮ નમુનાઓ 'સબ-સ્ટેન્ડર્ડ' તથા ૧ નમૂનો 'સબ-સ્ટેન્ડર્ડ અને અનસેફ' જાહેર થયો છે. આ ગંભીર બેદરકારી બદલ સંબંધિત પેઢીઓ અને ફૂડ બિઝનેસ ઓપરેટર્સ સામે કાયદેસરની ત્વરિત કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગોત્રી રોડ, વડોદરા ખાતે આવેલા શ્રી રામકૃપા એન્ટરપ્રાઈઝ પેઢીના સંચાલક સ્મીતાબેન સ્નેહકભાઈ પટેલ દ્વારા વેચાતા માવા (લુઝ) નો નમૂનો રેસ્ટોરન્ટમાંથી લેવામાં આવ્યો હતો, જે પબ્લિક હેલ્થ લેબોરેટરીના પૃથ્થકરણ રિપોર્ટમાં સબ સ્ટાન્ડર્ડ જાહેર થયો છે. તેવી જ રીતે, ગોત્રી રોડ પર જ ઇ.એસ.આઈ. હોસ્પિટલ પાસે આવેલા સહજાનંદ સુપર સ્ટોરના સંચાલક શૈલેષભાઈ ડાહ્યાભાઈ પટેલનો ગોળ (લુઝ) નો નમૂનો રીટેલર તરીકે સબ સ્ટાન્ડર્ડ સાબિત થયો છે.

GSFC યુનિવર્સિટીનો 8મો પદવીદાન સમારોહ 29 ઓગસ્ટે યોજાશે

815 વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત થશે; 17 સુવર્ણ અને 15 રજત ચંદ્રકો આપવામાં આવશે

(પ્રતિનિધી) વડોદરા, તા.24

GSFC યુનિવર્સિટી દ્વારા 29 ઓગસ્ટ, 2026ના રોજ ફર્ટિલાઇઝરનગર, વડોદરા ખાતે 8મો દીક્ષાંત સમારોહ યોજાશે. આ સમારોહમાં યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ટેક્નોલોજી, સ્કૂલ ઑફ સાયન્સ અને સ્કૂલ ઑફ મેનેજમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપના કુલ 815 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે. તેમાં 488 વિદ્યાર્થી અને 327 વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. પદ્મ ભૂષણ ડૉ. વી. કે. સારસ્વત, DRDOના પૂર્વ ડાયરેક્ટર જનરલ અને નીતિ (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા) આયોગના કાયમી સભ્ય, મુખ્ય અતિથિ તરીકે સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને 17 ગોલ્ડ અને 15 સિલ્વર મેડલ એનાયત કરશે. સતત બીજા વર્ષે શૈક્ષણિક ઉત્કૃષ્ટતામાં વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. કુલ 17 ગોલ્ડ મેડલમાંથી 12 ગોલ્ડ મેડલ વિદ્યાર્થીનીઓએ મેળવ્યા છે. ગ્રેજ્યુએટ થઈ રહેલા વિદ્યાર્થીઓને ડિગ્રી શ્રી પી. કે. તનેજા, IAS (નિવૃત્ત), પ્રેસિડેન્ટ, GSFC યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવશે. દીક્ષાંત સમારોહમાં GSFC યુનિવર્સિટીની ગવર્નિંગ બોડી અને બોર્ડ ઑફ મેનેજમેન્ટના સભ્યો, સરકારી અધિકારીઓ, GSFC લિમિટેડ અને GSFC યુનિવર્સિટીના અધિકારીઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, ફેકલ્ટી સભ્યો, ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા ઉપસ્થિત રહેશે.

જાહેર નિવિદા - ૯ સને ૨૦૨૬-૨૭
માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજ્યનાં માન.રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ. લુણાવાડા, કોટેજ હોસ્પિટલની બાજુમાં, પીનકોડ - ૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં. (૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી મકાન બાંધકામના અંદાજીત રકમ રૂા. ૧૧૩૯.૯૮ લાખ સુધીના કુલ ૧ (એક) કામના ટેન્ડર વેબસાઈટ https://rnbtender.nprocure.com પર તા. ૦૯/૦૯/૨૦૨૬, ૧૬:૦૦ કલાક સુધીમાં ઉપલબ્ધ રહેશે.

વધુમાં કામોની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ગોધરા/૪૨૬/૨૬

પર્યાવરણ અને નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાના પ્રયાસો

યશલોક વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા વડોદરાની સ્વચ્છતા માટે રોડ સ્વીપર મશીનની ભેટ

આ મશીન સાંકડી જગ્યાઓ અને જાહેર પાર્કિંગ વિસ્તારોની સફાઈ માટે ઉપયોગી બનશે

(પ્રતિનિધી) વડોદરા, તા.24

યશલોક વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા વડોદરાની સ્વચ્છતા માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે પહેલ કરવામાં આવી છે. ઈનોર્બિટ મોલ વડોદરાના CSR સહયોગથી ફાઉન્ડેશને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને સંપૂર્ણ ઓટોમેટિક 2 ક્યુબિક મીટર મીની ટ્રક માઉન્ટેડ રોડ સ્વીપર મશીન અર્પણ કર્યું છે. આ મશીનની સફાઈ ક્ષમતા આશરે 18,500 ચોરસ મીટર પ્રતિ કલાક છે અને તેમાં 2,000 લિટર ધૂળ સંગ્રહવાની ક્ષમતા છે. એક સેન્ટર બ્રશ, બે સાઈડ બ્રશ તથા ઈન-બિલ્ટ GPS ટ્રેકિંગ સિસ્ટમથી સજ્જ આ મશીન મ્યુનિસિપલ રોડ, સર્વિસ લેન, સાંકડી જગ્યાઓ અને જાહેર પાર્કિંગ વિસ્તારોની સફાઈ માટે ઉપયોગી બનશે. હસ્તાંતરણ સમારોહમાં યશલોક વેલ્ફેર ફાઉન્ડેશન, ઈનોર્બિટ મોલ, VMCના અધિકારીઓ, વોર્ડ અધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

હતા. ઈનોર્બિટ મોલ વડોદરાના મોલ હેડ રજત ભાર્ગવાએ જણાવ્યું કે સ્વચ્છ અને સ્વસ્થ જાહેર સ્થળોના નિર્માણમાં યોગદાન આપવું સંસ્થાની CSR પ્રતિબદ્ધતાનો મહત્વપૂર્ણ હિસ્સો છે. આ પહેલથી મશીન આધારિત રોડ સફાઈ વધુ અસરકારક બનશે તેમજ શહેરના જાહેર વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવામાં VMCના પ્રયાસોને વેગ મળશે. સાથે જ પર્યાવરણ અને નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાના પ્રયાસોને પણ મજબૂતી મળશે.

Federal Bank

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલઃ ૯૪૨૭૮૫૮૯૯૭

જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં

આથી જાહેર જતનાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમીટેડ** (સિકયોર્ડ કેડીટર) પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમીટેડ (સિકયોર્ડ કેડીટર)** ની બાકી લ્હેણી રકમ ની વસુલાત માટે **"જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમીટેડ (સિકયોર્ડ બેંક લિમીટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

નં.	ઉધારકર્તાનું નામ અને સરનામું	બાકી લ્હેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	હરાજી તારીખ
૧.	(૧). શ્રી વ્યાસ ઈન્દ્રબદન S/0 વ્યાસ કાંતિલાલ, (૨). શ્રી વ્યાસ ભૌમિશ ઈન્દ્રવદન S/0 ઈન્દ્રવદન, બંનેનું સરનામું : એફએફ-૬, પલ્લવ પાર્ક એપાર્ટમેન્ટ, મહેશ કોમ્પ્લેક્સની સામે, વાઘોડીયા રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૧૯.	લોન નં. ૧૮૧૦૬૬૦૦૦૦૫૯૫ ની રકમ તા. ૦૯/૧૦/૨૦૨૬ ના રોજ રૂા. ૬,૨૦,૪૪૮.૧૬ (રૂા. છ લાખ વીસ હજાર ચારસો અડતાલીસ અને સોળ પૈસા પુરા)	રૂા. ૨,૯૮,૫૦૦/- (રૂા. બે લાખ અઠ્ઠાણું હજાર પાંચસો પુરા) ---------- રૂા. ૨૯,૮૫૦/- (રૂા. ઓગણત્રીસ હજાર આઠસો પચ્યાસ પુરા)	૦૬/૧૦/૨૦૨૬ ---------- પ્રત્યક્ષ કબજો
	તારણમાં મુકેલ મિલકતનું વર્ણન :- Citroen C3 1.2 Feel Vibe Pack, Steel Grey Colour, having Chassis No. MZZCCHMENV005391BN, Engine No. 10VQAC0009756, 2023 Model, Petrol, Registration No. GJ06PL0136.			
૨.	(૧). શ્રી મનોજ રૂપનારાયણ ઉપાધ્યાય, (પ્રોપ્રાઈટર મે. શ્રી બાલાજી લોજીસ્ટીક્સ) ઓફિસ : જીએફ/૬, પારસમણી કોમ્પ્લેક્ષ, રઘુકુલ વિદ્યાલયની પાછળ, ન્યુ વીઆઈપી રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૧૯ અને અહીં પણ : એ૧/૧, નારાયણ ધામ સોસાયટી, ખોડીયાર ચાર રસ્તાની પાસે, ન્યુ વીઆઈપી રોડ, વડોદરા - ૩૯૦૦૧૯. (૨). શ્રીમતી મંજુલાબેન મનોજભાઈ ઉપાધ્યાય, ઓફિસ : એ૧/૧, નારાયણ ધામ સોસાયટી, ખોડીયાર ચાર રસ્તાની પાસે, ન્યુ વીઆઈપી રોડ, વડોદરા - ૩૯૦૦૧૯, (૩). શ્રી અજયકુમાર આર. ઉપાધ્યાય, ઓફિસ : એ૧/૧, નારાયણ ધામ સોસાયટી, ખોડીયાર ચાર રસ્તાની પાસે, ન્યુ વીઆઈપી રોડ, વડોદરા - ૩૯૦૦૧૯.	(૧). હાઉસીંગ લોન નં. ૧૩૩૫૭૩૦૦૦૦૩૨૨૪ ની રકમ રૂા. ૨,૮૬,૧૬૮.૬૫ (રૂા. બે લાખ છયાસી હજાર એકસો સડસઠ અને પાંચઠ પૈસા પુરા), (૨). પ્રોપર્ટી પાવર લોન નં. ૧૩૩૫૭૬૦૦૦૦૧૫૬૩ ની રકમ રૂા. ૩૭,૬૪,૬૦૦/- (રૂા. સાડત્રીસ લાખ ચોરાણું હજાર નવસો પુરા), (૩). CC and CC Adhoc લોન નં. ૧૩૩૫૫૫૦૦૦૧૪૩૬૩ ની તા. ૦૬.૧૦.૨૦૨૬ ના રોજ થી રકમ રૂા. ૮,૧૭,૬૨,૭૬૯.૨૫ (રૂા. આઠ કરોડ સત્તર લાખ બાણું હજાર સાતસો ઓગણસિત્તેર અને પચ્ચીસ પૈસા પુરા) (ડીઆરટી - ૨, અમદાવાદ ખાતે દાખલ કરાયેલ ઓ.એ